ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# શહેર-જિલ્લામાં કોરોનાના નવા ૧૯ કેસ

## શહેરમાં ૧૮ અને ગ્રામ્યમાં વધુ એક કેસ : જીએનએલયુમાં ૧૬ અને બે અન્ય વિસ્તારમાં કેસ નોંધાયા : કમિશનર ડો. ધવલ પટેલે તંત્ર સાથે પરિસ્થિતિ અંગે સમીક્ષા કરી

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરમાં કોરોનાના ૧૮ કેસ તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાનો એક કેસ નોંધાયો છે.

ગાંધીનગર શહેરમાં જી.એન.એલ.યુ.માં વધુ ૧૬ કેસ મળી આવેલ છે. આજે જી.એન.એલ.યુ.માં એક મહિલા પ્રોફેસર સહિત ૮ મહિલા દર્દી નોંધાયા છે.

આ ઉપરાંત ભાટમાં એક ૧૯ વર્ષીય યુવક તેમજ સે. ૨૧માં ૨૩ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

જી.એન.એલ.યુ. કેમ્પસમાં સતત કેસો વધી રહ્યા હોવાથી તંત્રએ કેમ્પસમાં સઘન સર્વેલન્સની કામગીરી હાથ ધરી છે. આજે કેમ્પસમાં ૧૦૦ થી વધુ ટેસ્ટ કરવામાં આવ્યા છે. આ કામગીરી હજુ એક-બે દિવસ ચાલુ રાખવામાં આવશે.

જી.એન.એલ.યુ.માં વધતા જતા કેસોને પગલે આજે મ્યુનિ. કમિશનર ડૉ. ધવલ પટેલે મનપાના આરોગ્યતંત્ર સાથે વિશેષ સમીક્ષા બેઠક કરી અને પરિસ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા કરી માર્ગદર્શન આપ્યુ હતુ. તેમણે ટેસ્ટીંગ તેમજ આસપાસના વિસ્તારમાં સર્વેલન્સની કામગીરી સઘન બનાવવા જણાવ્યુ હતુ.

ગાંધીનગર શહેરમાં જી.એન.એલ.યુ.માં કુલ કેસની સંખ્યા વધીને ૬૪ થઈ છે. જી.એન.એલ.યુ.માં નોંધાયેલા કેસોની સાથે શહેરમાં એક્ટીવ કેસોની સંખ્યામાં પણ વધારો થયો છે.

શહેરમાં આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ હોમ આઈસોલેશનમાં રહેલા દર્દીઓનું મોનીટરીંગ પણ અસરકારક રીતે થાય તે જોવા તાકીદ કરી છે.

દરમ્યાન ગાંધીનગર તાલુકાના ઉવારસદ ગામે આજે વધુ એક કેસ કોરોનાનો મળી આવેલ છે.

ઉવારસદ ગામે એક ૨૦ વર્ષીય વિદ્યાર્થીનીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ વિદ્યાર્થીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં એક્ટીવ કેસની સંખ્યા ૭ પર પહોંચી છે. તંત્રએ ગ્રામ્ય વિસ્તારમાં ૩૨૦ થી વધુ લોકોને હોમ આઈસોલેટ કર્યા છે..

જિલ્લામાં ગાંધીનગર શહેર અને ગાંધીનગર તાલુકામાં કેસો સતત મળી રહ્યા છે જો કે તંત્રએ સંક્રમણની સ્થિતિ નિયંત્રણ હેઠળ હોવાનું જણાવતાં કહ્યુ છે કે રિકવરી રેટ ૯૭ ટકાને પાર કરી ગયેલ છે. હોસ્પિટલાઈઝેશન રેટ પણ ઓછો છે. વેક્સિનના બન્ને ડોઝ લોકોએ લીધા હોવાથી કોરોનાના લક્ષણો પણ હળવા જોવા મળી રહ્યા છે.



કોલવડા મુકામે આવેલી સ્ટેટ મોડેલ આયુર્વેદિક કોલેજ સંલગ્ન હોસ્પિટલમાં છેલ્લા પંદર દિવસથી મુખ્ય પ્રવેશદ્વાર આગળ જ ગટર સતત ઉભરાઈ રહી છે. તેના કારણે સમગ્ર હોસ્પિટલના કેમ્પસમાં ખૂબ જ દુર્ગંધ મારે છે. કોલેરાના રોગચાળામાં વધારો કરી તેવી દહેશત છે.

### પાણીની નવી લાઇન નાંખવાના ખોદકામમાં

# શહેરમાં માર્ગો અને ફુટપાથ પર ૨૫ ઠેકાણે ગાબડા

## પાટનગર યોજના વિભાગે સર્વે કર્યો અને પાણી પુરવઠા બોર્ડને પત્ર લખ્યો : અકસ્માત થાય તો વળતર આપવાની જવાબદારી જાહેર બાંધકામ વિભાગની રહેશે નહી : પાણીની લાઇન નાંખવા ઠેર ઠેર આડેધડ ખોદકામથી નગરજનો ત્રસ્ત

ગાંધીનગર તા ૧૧

શહેરમાં સ્માર્ટ સીટીના પ્રોજેકટ અન્વયે ઠેર ઠેર પાણીની નવી લાઈન નાંખવા માટે ખોદકામ ચાલી રહ્યુ છે. જયારે આ દરમિયાન આડેધડ ખોદકામ થતુ હોવાનો રોષ પણ સ્થાનિકો ઠાલવી રહ્યા છે. જેના લીધે અવારનવાર પાણી ગટરની હયાત લાઈન તેમજ વિજ પ્રવાહ પણ ખોરવાઈ જતો હોવાનો આક્રોશ ઉઠવા પામ્યો છે. બીજીતરફ અણઘડ ખોદકામના લીધે શહેરના મુખ્યમાર્ગો પર વિવિધ ૧૩ ઠેકાણે અને ફુટપાથ પર ૧૨ ઠેકાણે ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. જયારે આ મામલે પાટનગર યોજના વિભાગે જવાબદાર તંત્રને પત્ર લખીને જાણ પણ કરી છે. આમછતા આડેધડ ખોદકામ ચાલુ હોવાનો રોષ પણ સ્થાનિકો વ્યકત કરી રહ્યા છે.

સ્માર્ટ સીટી પ્રોજેકટ અંતર્ગત પાટનગરમાં પીવાના પાણીની નવી પાઈપલાઈન નાંખવાની કામગીરી ચાલી રહી છે. જયારે આ દરમિયાન ૧૩ સ્થળો પર માર્ગો અને ૧૨ ઠેકાણે ફુટપાથ પર ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. જયારે આ મામલે અધિકારીઓને લેખિત અને મૌખિક જાણ કરવા છતા તેઓ ગાંઠતા નથી જયારે હજુ પણ આ મામલે નુકશાની કરવાની હરકત અટકે નહીં તો કામ બંધ કરવા સિવાય અન્ય કોઈ વિકલ્પ ન હોવાનો રોષ અધિકારીઓ ઠાલવી રહ્યા છે. બાંધકામ વિભાગ દ્વારા જયાં ક્રોસિંગ હોય ત્યાં પુશ થ્રુ મેથડથી કામ કરવાના ઠેકાણે માર્ગ પર ખોદકામ કરી લાઈન નાંખવાની પુરાની પધ્ધતિ અપનાવી છે. જેના લીધે પાટનગર યોજના વિભાગના મુખ્યમાર્ગો સેકટરોના એપ્રોચ માર્ગોને ઠેક ઠેકાણે નુકશાન થયુ છે. માર્ગો પર ઠેર ઠેર ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે આ સ્થિતિ વચ્ચે સ્થાનિકોએ પણ પરેશાની વેઠવાનો વારો આવ્યો છે. જયારે માર્ગોની સાથે ફુટપાથની પણ દશા બેઠી છે. આ મામલે એક સપ્તાહમાં જ સમારકામ હાથ ધરી મુળ સ્થિતિ લાવવા તાકીદ કરાઈ છે પરંતુ તેનો અમલ કરાયો નથી. શહેરના માર્ગ નં -૩ અને ખ -૩ પાસે પણ આવી જ સ્થિતિ છે. આ ઠેકાણે છેલ્લા ૧૫ દિવસથી ખોદકામના અંતે માટીના ઢગ ખડકાયેલા જોવા મળે છે. જયારે આ દરમિયાન કોઈ અકસ્માત થાય તો કે વળતર આપવાની જવાબદારી જાહેર બાંધકામ વિભાગની રહેશે નહી તેમ પણ પત્ર દ્વારા સ્પષ્ટ જણાંવાયુ છે. પાણીની લાઈન નાંખવાના મામલે રસ્તાઓ અને ફુટપાથનો

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં ઉનાળુ વાવેતર છેલ્લા ત્રણ વર્ષની સરેરાશની તુલનામાં ૯૩ ટકા નોંધાયુ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં ઉનાળુ સિઝનનું વાવેતર ૯૩ ટકા જેટલુ સંપન્ન થયુ છે. જિલ્લામાં ચોમાસા દરમ્યાન રહેલી વરસાદની ૨૧ ટકા ઘટને પગલે ઉનાળુ વાવેતરમાં ખેડૂતો બહુ ઉત્સાહિત જણાતા નથી. જિલ્લામાં ઉનાળુ બાજરીનું વાવેતર આ વખતે વિક્રમી થવા પામ્યુ છે. છેલ્લા ત્રણ વર્ષની તુલનામાં બાજરીનું વાવેતર ૧૨૦ ટકા જેટલુ થવા જાય છે. જિલ્લામાં ૬ હજાર ચારસો હેક્ટરમાં બાજરીનું વાવેતર નોંધાયુ છે.

જિલ્લામાં મગનું વાવેતર ૧૨૨ હેક્ટર, મગફળીનું વાવેતર ૯૫ હેક્ટરમાં, ડુંગળીનું વાવેતર ૧ હેક્ટરમાં, શાકભાજીનું વાવેતર ૪૬૮૮ હેક્ટરમાં તથા ઘાસચારાનું વાવેતર ૧૦૫૫૭ હેક્ટરમાં નોંધાયુ છે. જિલ્લામાં ઉનાળુ વાવેતર ૨૨૦૭૪ હેક્ટરમાં નોંધાયુ છે. જેમાં દહેગામમાં ૮૬૫૨ હેક્ટરમાં, ગાંધીનગરમાં ૬૪૭૭ હેક્ટરમાં, કલોલમાં ૧૬૨૫ હેક્ટરમાં તેમજ માણસામાં ૫૩૨૦ હેક્ટરમાં વાવેતર નોંધાયુ છે.

# આજે સવારે પંચદેવ મંદિરે ચકલી ઘર અને માટીના કુંડાનું વિતરણ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરની ઈન્ડિયન લાયન્સ ક્લબ સ્વર્ણિમ દ્વારા તા.૧૨મી એપ્રિલ, મંગળવારે સવારે ૯.૩૦ કલાકે સેક્ટર-૨૨માં પંચદેવ મંદિર ખાતે ચકલી ઘર અને માટીના કુંડા વિતરણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમનો લાભ લેવા શહેરની પ્રકૃતિપ્રેમી જનતાને સંસ્થા દ્વારા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# એસ ટી ડેપોમાં પોલીસ ચોકી કાર્યરત ન થઈ પરંતુ આખરે પોલીસ પહેરો ગોઠવાયો


## મુસાફરો રોજબરોજ પીક પોકેટીંગનો ભોગ બનતા હોવાની ફરિયાદો વધતા ડેપો મેનેજરે રજુઆત કરી હતી

ગાંધીનગર તા ૧૧

ગાંધીનગર એસ ટી ડેપોમાં છેલ્લા ઘણાં સમયથી મુસાફરો રોજબરોજ પીક પોકેટીંગનો ભોગ બની રહ્યા છે. લગ્નસરાની અને વેકેશનની સિઝનમાં ડેપો સંકુલમાં આંટાફેરા મારતા ગઠીયાઓ ગમે ત્યારે મુસાફરોના ખિસ્સામાં હાથફેરો કરી લેતા મુસાફરોમાં ભયની લાગણી પ્રબળ બની છે. ત્યારે ડેપો સંકુલમાં લાંબા સમયથી પોલીસ ચોકી કાર્યરત કરવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે .જો કે ડેપો મેનેજરના જણાંવ્યા મુજબ ડેપો સંકુલમાં પોલીસ ચોકી કાર્યરત થઈ નથી આખરે રજુઆતના અંતે પોલીસ પહેરો ગોઠવી દેવાતા મુસાફરોએ પણ રાહતની લાગણી અનુભવી છે.

ગાંધીનગર એસ ટી ડેપોમાં વર્ષોથી મુસાફરોના ખિસ્સા કપાય છે. બસમાં ચઢતા મુસાફરોના ખિસ્સામાંથી મોબાઈલ ચારી તેમજ પીક પોકેટીંગના બનાવો મુસાફરો માટે ભયનુ કારણ બન્યા છે. લગ્નસરાની સિઝનમાં જાણભેદુ ગઠીયાઓ માટે ડેપો સંકુલ મોકળુ મેદાન પુરવાર થાય છે. છેલ્લા કેટલાક સમયમાં જ અડધો ડઝન જેટલા મુસાફરો ડેપો સંકુલમાં તસ્કરોની વૃતિનો ભોગ બન્યા છે. જયારે આ સ્થિતિ નિવારવા માટે ડેપો સંકુલમાં પોલીસ પહેરો મુકવા માટે પણ વારંવાર રજુઆત કરવામાં આવી રહી છે. જયારે છેલ્લાા એક દાયકાથી પોલીસ ચોકી કાર્યરત કરવા માટે પણ રજુઅત કરવામાં આવી રહી છે. પરંતુ પોલીસ ચોકી માટે ડેપોના ગેટ નં -૨ પાસે જગ્યા ફાળવી દેવાયા બાદ પણ વર્ષોના અંતે કોઈ આયોજન કરવામાં આવ્યુ નથી ડેપો સંકુલમાં અવરજવર કરતી મહીલાઓ પણ ભય અનુભવી રહી છે. રોજબરોજ બનતા પીક પોકેટીંગના બનાવોના લીધે આમ નાગરિકો સલામત સવારીમાં જતા પણ ભય અનુભવે છે. જો કે ડેપો મેનેજરના જણાવ્યા મુજબ ગાંધીનગર એસ ટી ડેપોમાં મુસાફરોની સલાતમીને અનુલક્ષી રજુઆતના અંતે છેલ્લા કેટલાક સમયથી પોલીસ પહેરો ગોઠવી દેવાયો છે. જો કે પોલીસ ચોકી કાર્યરત કરવાના મામલે હજુ સુધી કોઈ આયોજન કરવામાં આવ્યુ નથી લગ્નસરાની સિઝન ઉપરાંત વેકેશનની સિઝનમાં પણ ડેપો સંકુલમાં મુસાફરોની વિશેષ ભીડ જોવા મળે છે. જેના લીધે પોલીસ પહેરો રાખવાની અનિવાર્યતા છે.


## અભિનંદન



**શ્રી અજયભાઈ એચ. પટેલ**

અમદાવાદ ડિસ્ટ્રીક્ટ કો.ઓ. બેંક તથા ગુજરાત સ્ટેટ કો. ઓપરેટીવ બેંકના ચેરમેન શ્રી અજયભાઈ એચ. પટેલ સાહેબશ્રી તાજેતરમાં ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના ચેરમેન તરીકે ચૂંટાયા તે બદલ અમો હર્ષની લાગણી અનુભવીએ છીએ અને ઉત્તરોત્તર પ્રગતિ કરો તેવી શુભેચ્છાઓ પાઠવીએ છીએ...

રમેશભાઈ પટેલ
કેપીટલ ઓફસેટ
પ્રમુખ - સંસ્કૃતિ સંસ્થા
ઝીલુભા ધાંધલ
પ્રમુખ-ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી


# ધોરણ-૧૦ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા શાંતિપુર્ણ સંપન્ન

## માત્ર એક જ કોપી કેસ : ધો -૧૨ સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓએ આજે સંસ્કૃતની પરીક્ષા આપી જિલ્લામાંથી ૭૭ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા

ગાંધીનગર તા ૧૧

શિક્ષણ બોર્ડ આયોજિત ધો -૧૦ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહની બોર્ડ પરીક્ષા પુર્ણ થતા વિદ્યાર્થીઓ હવે હળવા મુડમાં જોવા મળી રહ્યા છે. ધો -૧૦ અને ૧૨ માં ગણિત વિજ્ઞાન સહીતના મહત્વના વિષયનો પ્રશ્નપત્રો સરળ નિકળતા વિદ્યાર્થીઓમાં હર્ષની લાગણી વ્યાપી હતી જયારે પરીક્ષા દરમિયાન ધો -૧૦ માં એક કોપી કેસને બાદ કરતા અન્ય કોઈ કોપી કેસ નોંધાયો નથી. જયારે ધો -૧૨ સામાન્ય પ્રવાહમાં હાલ પરીક્ષા ચાલી રહી છે. ધો -૧૨ માં આજે સંસ્કૃત વિષયની પરીક્ષા હતી જિલ્લામાંથી ૩૬૧૬ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જયારે ૭૭ વિદ્યાર્થીઓની હાજરી ઘટી હતી. ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા પુર્ણ થતા વિદ્યાર્થીઓ હાલ જે ઈ ઈ ની તૈયારીમાં લાગી ગયા છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આયોજિત ધો -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષા પુર્ણ થઈ છે. વિદ્યાર્થીઓ માટે વિવિધ વિષયના પ્રશ્નપત્રો સરળ પુરવાર થતા એકંદરે પરીક્ષાના અંતે વિદ્યાર્થીઓ અને વાલીઓ તણાંવમુક્ત થયા છે. વિદ્યાર્થીઓ પણ હાલ હળવાશ માંણી રહ્યા છે. જયારે વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ જે ઈ ઈ અને નીટની તૈયારીમાં લાગી ગયા છે. ધો -૧૦ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા પુર્ણ થઈ ગઈ છે. ધો -૧૦ અને ૧૨ માં ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી સહીતના પ્રશ્નપત્રો સરળ નિકળતા વિદ્યાર્થીઓ પરીક્ષાને અંતે ચિંતામુક્ત બન્યા હતા. જયારે સામન્ય પ્રવાહની પરીક્ષા હાલ આખરી તબક્કામાં છે. ધો -૧૦ માં એક કોપી કેસને બાદ કરતા પરીક્ષા દરમિયાન અન્ય કોઈ કોપી કેસ નોંધાયો નથી જયારે જિલ્લામાં કોઈ અનઈચ્છિનીય બનાવ બન્યો નથી બોર્ડ પરીક્ષા એકંદરે શાંતિપુર્ણ માહોલમાં સંપન્ન થઈ છે. ધો -૧૨ માં આજે સંસ્કૃત વિષયની પરીક્ષા લેવામાં આવી હતી જેમાં જિલ્લામાંથી ૩૬૧૬ વિદ્યાર્થીઓએ પરીક્ષામાં હાજરી આપી હતી. જયારે ૭૭ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. પરીક્ષા દરમિયાન કોઈ કોપી કેસ નોંધાયો નથી સંસ્કૃત વિષયનુ પેપર એકંદરે સરળ નિકળતા વિદ્યાર્થીઓમાં ખુશીની લાગણી વ્યાપી હતી.

# રાજ્યમાં કોરોનાના નવા ૩૫ કેસ

ગાંધીનગર, તા.૧૧

રાજ્યમાં આજે કોરોનાના નવા ૩૫ કેસ નોંધાયા છે. તો બીજી તરફ ૧૬ દર્દીઓ સાજા પણ થઈ ચુક્યાં છે. અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૨,૯૯૨ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ સુધરીને ૯૯.૦૯ ટકાએ પહોંચી ચુક્યો છે.

રાજ્ય સરકાર રસીકરણના મોરચે પણ મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજના દિવસમાં કુલ ૩૭,૯૯૫ રસીના ડોઝ અપાયા છે.

જો એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં હાલ કુલ ૧૪૮ એક્ટિવ કેસ છે. જે પૈકી એક નાગરિક વેન્ટીલેટર પર નથી. જ્યારે ૧૪૮ દર્દી સ્ટેબલ છે. આ ઉપરાંત અત્યાર સુધીમાં ૧૨,૧૨,૯૯૨ નાગરિકો ડીસ્ચાર્જ થઈ ચુક્યાં છે. અત્યાર સુધીમાં કોરોનાને કારણે કુલ ૧૦,૯૪૨ નાગરિકોના મોત થઈ ચુક્યાં છે. જો કે રાહતના સમાચાર કહી શકાય કે આજે એક પણ નાગરિકનું મોત નથી નિપજ્યું.

# શહેરના આંતરિક માર્ગોનુ નિયત સમયના અંતે રીસરફેસીંગ કરાયુ નથી

## સેકટરોના આંતરિક માર્ગોની નિભાવણી હવે કોર્પોરેશનના શીરે જયારે મુખ્યમાર્ગોનુ અંદાજિત ૭૦ કી મી નુ નેટવર્ક માર્ગ મકાન વિભાગ હસ્તક રહેશે : મુખ્યમાર્ગોના રીસરફેસીંગની કામગીરી વાઇબ્રન્ટ સમયથી બાકી

ગાંધીનગર તા ૧૧

ગાંધીનગર શહેરમાં દાયકાઓના અંતે હવે માર્ગોની નિભાવણીની જવાબદારી કોર્પોરેશનને સોંપવામાં આવી છે. શહેરના સેકટરોના આંતરિક માર્ગોનુ નેટવર્ક અંદાજિત ૪૩૯ કી મીનુ છે. જયારે સેકટરોના આંતરિક માર્ગોની હાલત હાલ ઉબડ ખાબડ છે. નિયત સમયના અંતે પણ માર્ગોનુ રીસરફેસીંગ કરવામાં આવ્યુ નથી જયારે આડા અને ઉભા મુખ્ય ૭૦ કી મી ના માર્ગોની નિભાવણીનુ કામ માર્ગ મકાન વિભાગ દ્વારા કરવામાં આવશે. જો કે વાઈબ્રન્ટના સમિટનુ આયોજન મોકુફ રહ્યા બાદ હજુ પણ મુખ્યમાર્ગોનુ રીસરફેસીંગ હાથ ધરવામાં આવ્યુ નથી. જયારે સેકટરોના આંતરિક માર્ગોનુ રીસરફેસીંગ હાથ ધરવા માટ તંત્ર કક્ષાએથી વિભાગને દરખાસ્ત પણ કરવામાં આવી હતી પરંતુ હવે આ કામગીરી પાણી ગટરની લાઈન અપગ્રેડ કરવાની કામગીરીના અંતે જ હાથ ધરાશે તેમ મનાઈ રહ્યુ છે.

ગાંધીનગર શહેરના સેકટરોના આંતરિક માર્ગોની જાળવણીનુ કામ અત્યાર સુધી પાટનગર યોજના ભવન હસ્તક હતુ સે-૧ થી ૩૦ ના આંતરિક માર્ગોનુ રોડ નેટવર્ક પણ વિશાળ છે જેમાં રીંગ રોડ તેમજ આંતરિક માર્ગો સહીત અંદાજિત ૪૩૯ કી મી ના માર્ગોના રીસરફેસીંગનુ કામ પાટનગર યોજના વિભાગ દ્વારા કરવામાં આવતુ હતુ જયારે છેલ્લા એક દાયકાથી કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ લાંબા સમયથી પાણી ગટર અને માર્ગોની જવાબદારી સોંપવા માટે વિચારણા ચાલી રહી હતી પરંતુ હાલ સ્માર્ટ સીટી અન્વયે પાણી ગટરની નવી લાઈન નાંખવા માટે કામગીરી હાથ ધરવામાં આવી છે. જો કે હજુ પાણી ગટરની જવાબદારી સોપવામાં સમય લાગશે અંદાજિત એકાદ વર્ષમાં કામ પુર્ણ થયા બાદ પાણી ગટરની નિભાવણી પણ કોર્પોરેશન દ્વારા કરવામાં આવશે. જયારે લાંબા સમયના અંતે હવે માર્ગોની સુધારણા તેમજ રીસરેસીંગનુ કામ પણ કોર્પોરેશનને સોંપી દેવાયુ છે. ગાંધીનગરના સેકટરોમાં એકબાજુ કોર્પોરેશનની પેવર બ્લોક યોજનાના લીધે સ્થાનિક રહીશોએ ઘર આંગણે પેવર બ્લોક કરવામાં ભારે ઉત્સાહ દાખવ્યો છે પરંતુ સેકટરોના આંતરિક માર્ગોના લેવલથી પેવર બ્લોકનુ કામ ઉપર થતા માર્ગો હાલ નિચાણમાં

● અનુસંધાન પાન-૭ પર


## પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ હૃદયાંજલિ



**સ્વ. રમણલાલ મંગળદાસ વાળંદ**
(લિંબડીયાવાળા)
સ્વ. તા. ૧૨/૪/૨૦૨૧, ફાગણ વદ અમાસ)
આપ આજેય પણ અમારા હૃદયમાં જીવંત છો,
આપના દિવ્ય આત્માને કોટિ કોટિ પ્રણામ.

આપના હૃદયગણ
રાજેન્દ્ર રમણલાલ પારેખ (પુત્ર)
મહામંત્રી, ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ
ઉપપ્રમુખ, ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ
પ્રમુખ, સેક્ટર-૨, વસાહત મંડળ, ગાંધીનગર
આરતી રાજેન્દ્ર પારેખ (પુત્રવધૂ)
ગૌરાંગ રાજેન્દ્ર પારેખ (પૌત્ર) નિમિષા ગૌરાંગ પારેખ (પૌત્રવધૂ)
વિહાન ગૌરાંગ પારેખ (પ્રપૌત્ર) ધિયાશ ગૌરાંગ પારેખ (પ્રપૌત્ર)
જયશ્રીબહેન એમ. પારેખ (પુત્રી)
ડીમ્પલ આર. શર્મા (પૌત્રી) હેતલ કે. શર્મા (પૌત્રી)
કિંજલ જી. લિંબાચીયા (પૌત્રી)
તેમજ લિંબડીયા પરિવાર



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ** ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com